Regional Commissioner
Inclusive, resilient, Sustainable Cities

સત્યમેવ જયતે

પ્રાદેશિક કમિશનરશ્રીની કચેરી
ગાંધીનગર ઝોન
ગાંધીનગર

---

નં.નપા/વહટ/ભૂગર્ભ ગટર દર/નિયમો /વિજાપુર/વશી/ ૫૫ /૨૦૧૯ તા.૧૨/૦૬/૨૦૧૯

**વંચાણે લીધુ:–**

(૧) ચીફ ઓફીસરશ્રી વિજાપુર નગરપાલિકાના પત્ર ક્રમાક ભૂગર્ભ ગટર શાખા/૮૬/૨૦૧૮/૨૦૧૯ તા.૧૧/૦૪/૨૦૧૮

(૨) નાયબ કમિશ્નર(વહીવટ) મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશન,ગાંધીનગરના તા.૨૦/૮/૨૦૧૮થી વિજાપુર નગરપાલિકાએ ભૂર્ગભ ગટર યોજના અંગેના નિયમો મંજુર કરવા અંગેની આવેલ જાવક નં.ભૂગર્ભ ગટર શાખા/૮૬/૨૦૧૮/૧૯ તા.૧૧/૦૪/૨૦૧૮ની આવેલ દરખાસ્ત.

(૩) વિજાપુર નગરપાલિકાના ઠરાવ નં.૩૪ તા.૨૪/૧૦/૨૦૧૭ તથા ૨૪ તા.૨૧/૦૩/૨૦૧૮થી ભૂગર્ભ ગટર યોજના અંગેના નિયમો મંજુર કરેલ સામાન્ય સભાના ઠરાવ

(૪) વિજાપુર નગરપાલિકાએભૂગર્ભ ગટર યોજના અંગેના નિયમો મંજુર કરવા અંગે તા.૨૭/૧૨/૨૦૧૭નું બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનિક પેપરનું જાહેરનામુ

(૫) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના જાહેરનામા ક્રમાક **KV 99 OF 2018 NPL /102018/2615/PART-1/M-IN EXERRTLSE OF THE POWERS, DATE 30/07/2018**

## –:હુકમ:–

આમુખ–૧થી વિજાપુર નગરપાલિકાએ ભૂગર્ભ ગટર યોજના અંગેના નિયમો તથા સુધારેલ દર મંજુર કરવા નિયામકશ્રી,નગરપાલિકાઓ,ગાંધીનગરને દરખાસ્ત કરેલ પરંતુ સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના આમુખ–પના જાહેરનામાથી આ અંગેના અધિકારો અત્રેની કચેરીને તબદીલ થતાં આમુખ–૨નાપત્ર થી વિજાપુર નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના નિયમો મંજુર કરવા અત્રે દરખાસ્ત મોકલી આપેલ છે.જેની હકીકત નીચે મુજબ છે.

(૦૨)

(૧)વિજાપુર નગરપાલિકાએ નિયમાનુસાર બહોળી પ્રસિધ્ધિ ધરવતા દૈનિક પેપરમાં વાંધાઓ માંગેલ જેનો સમય મર્યાદામાં નિકાલ કરેલ છે.અને વિજાપુર નગરપાલિકાના ભૂગર્ભ ગટર યોજના નિયમો મંજુર કરવા અંગેના તમામ કાગળોની ચીફ ઓફીસર ધ્વારા ચકાસણી કરવામાં આવેલ છે.

(૨)વિજાપુર નગરપાલિકાએ ઠરાવ નં.૩૪ તા.૨૪/૧૦/૨૦૧૭ ભૂગર્ભ ગટર યોજના નિયમો તથા દર નકકી કરી વાધાં સુચનો મેળવવા ઠરાવ કરવામાં આવેલ છે.

(૩)વિજાપુર નગરપાલિકા ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ ભૂગર્ભ ગટર વેરો તથા તે અંગેના નિયમો–૨૦૧૭ અંગેના આવેલ વાધાં સુચનોના નિકાલના અંતે ઠરાવ નં.૨૪ તા.૨૧/૦૩/૨૦૧૮થી ભુગર્ભ ગટર વેરા તથા નિયમો તથા આખરી કરવા ઠરાવ કરેલ છે.જે આખરી કરવામાં આવેલ ભૂગર્ભ ગટરના નિયમો તથા દરને બહાલી મળેથી નીચેની વિગતે અમલવારી કરવા નિર્ણય લીધેલ છે.

| ક્રમ | કનેકશન ચાર્જનું પરિશિષ્ટ | કનેકશન ચાર્જ |
|---|---|---|
| ૧ | રહેણાંક | ૫૦૦–૦૦ (રૂા.પાચસો) |
| ૨ | વાણિજય (નાની દુકાનો) | ૧,૫૦૦–૦૦ (રૂા.એક હજારપાચસો) |
| ૩ | ગેસ્ટહાઉસ,લોજ,હોટલ,રેસ્ટોરન્ટ, સર્વિસ સ્ટેશન, હોસ્પીટલ, પ્રસુતિગૃહ તથા દવાખાના જ્ઞાતિ, સમાજવાડી,અતિથિ ભવન,ધર્મશાળા વિગેરે. | ૫,૦૦૦–૦૦ (રૂા.પાંચ હજાર) |

ડ્રેનેજ ટેક્ષ ( ભૂગર્ભ ગટર વેરો) વાર્ષિક દરવારીનું પરિશિષ્ટ

| ક્રમ | મિલકતની વિગત | તા.૨૧/૦૩/૨૦૧૮ ઠરાવ નં.૨૪થી સુધાર્યા પ્રમાણે સુચિત દરવારી |
|---|---|---|
| ૧ | રહેણાંક | ૪૦૦–૦૦ (રૂા.ચારસો) |
| ૨ | વાણિજય (નાની દુકાનો) | ૧,૬૦૦–૦૦ (રૂા.એક હજાર છસો ) |
| ૩ | ગેસ્ટહાઉસ,લોજ,હોટલ,રેસ્ટોરન્ટ, સર્વિસ સ્ટેશન, હોસ્પીટલ, પ્રસુતિગૃહ તથા દવાખાના જ્ઞાતિ, સમાજવાડી,અતિથિ ભવન,ધર્મશાળા વિગેરે. | ૬,૨૦૦–૦૦ (રૂા.છ હજાર બસો) |

સબબ ઉપરોકત વિગતે આમુખ–પથી મળેલ સત્તાની રૂએ વિજાપુર નગર પાલિકાને ભૂગર્ભ ગટર યોજના અગેના નિયમો તથા દર મંજુર કરવા અંગેની દરખાસ્તને નીચેની શરતો આધિન લાગુ કરવા આથી પરવાનગી આપવામાં આવે છે.

શરતોઃ–

(૧) ગુજરાત નગરપાલિકા ડ્રેનેજ ટેક્ષ ( ભૂગર્ભ ગટર વેરો) અંગેના નિયમો ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ–૯૯ હેઠળ નકકી કરેલ ભૂગર્ભ ગટર નિયમો તથા દરને કલમ –૨૭૧(ઢ) હેઠળ આથી મંજુર કરવામાં આવે છે.

(૦૩)

(૨) ડ્રેનેજ  ટેક્ષ ( ભૂગર્ભ ગટર વેરો) અંગેના નિયમો મુજબ વાર્ષિક દરવારી ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૦૩(ક) અન્વયે ૧લી જુલાઈ/૨૦૧૯થી અમલવારી કરવાની રહેશે.

(૩) સરકારશ્રીના વખતો વખત નિયમોમાં જે સુધારા વધારા થાય તેની અમલવારી કરવાની રહેશે.

(૪) મંજુર કરવામાં આવેલ નિયમોમાં કોઈપણ જાતના ફેરફાર સરકારશ્રીના મંજુરી વગર કરવા નહી.

Regional Commissioner (Municipalities) ★ Gandhinagar ★

પ્રાદેશિક કમિશ્નર
નગરપાલિકાઓ, ગાંધીનગર ઝોન

પ્રતિ
ચીફ ઓફીસરશ્રી,
વિજાપુર નગરપાલિકા તા.વિજાપુર.જી.મહેસાણા
ર/– જાણ તથા અમલ સારૂ

<u>નકલ સવિનય રવાનાઃ–</u>
(૧)નાયબ સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી થવા સારૂ
(૨)કમિશ્નરશ્રી, મ્યુનિસીપાલીટી એડમીનીસ્ટ્રેશન, નગરપાલિકાઓ, ગુજરાત રાજય,કર્મયોગી ભવન,સેકટર–૧૧ ગાંધીનગર
(૩)સિલેકટ ફાઈલે.

## ગુજરાત નગર પાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૨૭૧(ઢ) અન્વયે ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) અંગેના નિયમો-૨૦૧૭.

**આમુખઃ-**

ગુજરાત નગર પાલિકા અધિ. ૧૯૬૩ની કલમ ૮૭ ની જોગવાઇ મુજબ નગર પાલિકા હદમાં આવેલ મિલકતોને ગંદા પાણીના નિકાલની સગવડ પુરી પાડવી એ નગર પાલિકાની ફરજ છે. જેથી શહેરમાં સ્વચ્છતા જળવાઇ રહે તે હેતુથી વિજાપુર નગરપાલિકા (૧) ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) ગુજરાત નગર પાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૯૯(૧૦) તથા કલમ ૨૭૧(ઢ) તથા નવીન ભૂગર્ભ ગટર યોજનાની જોગવાઇઓને આધિન રહી ભૂગર્ભ ગટરવેરા (અંડરગ્રાઉંડ ડ્રેનેજ ટેક્ષ) તેના દર તથા નિયમો બનાવવામાં આવે છે.

- ટુંકુ નામ – આ નિયમો વિજાપુર નગર પાલિકાના અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) નિયમો-૨૦૧૭ કહેવાશે.
- દર – અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) પરિશિષ્ટ મુજબના રહેશે. (નિયમ-૨૬ મુજબ)
- કયારથી લાગુ પડશે – આ નિયમો સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ એક માસ પછી અમલમાં આવશે.
- વિસ્તાર અને વ્યાપ – અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) નગર પાલિકા હદમાં આવેલ મિલ્કતો પૈકી જે મિલકતોમાં ગટરનું જોડાણ આપવામાં આવેલ હોય તેવી મિલકતોને લાગુ પડશે અને વખતોવખત જે કોઇ વિસ્તાર સમાવવામાં આવે અને ભૂગર્ભ ગટરનું જોડાણ આપવામાં આવે તેને પણ લાગુ પડશે.

વ્યાખ્યા –

૧. અધિનિયમ/કાયદો એટલે ગુજરાત નગર પાલિકા અધિ. ૧૯૬૩ અને કલમ એટલે અધિનિયમની કલમ.

૨. વેરો તથા ટેક્ષ એટલે મિલકતમાં લીધેલ ગટર જોડાણ ઉપરનો અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો).

૩. મુખ્ય અધિકારી એટલે ગુજરાત નગરપાલિકા અધિ. ૧૯૬૩ ની કલમ-૪૭ અન્વયે નિમાયેલ અધિકારી.

૪. કારોબારી સમિતિ એટલે નગરપાલિકા અધિનિયમની જોગવાઇ મુજબ રચાયેલ કારોબારી સમિતિ.

૫. વર્ષ એટલે એપ્રીલ મહિનાની પહેલી શરૂ થતું અને માર્ચ મહિનાની ૩૧મી તારીખે પુરૂ થતું વર્ષ અર્થાત નાણાંકીય વર્ષ અથવા તેનો કોઇ ભાગ.

૬. કર વસુલાતદાર એટલે વિજાપુર નગરપાલિકાનો કોઇપણ કર્મચારી અથવા નગરપાલિકાએ વખતોવખત નિયુકત કરેલ સંસ્થા / એજન્સી તથા વ્યકિતઓ.

૭. વહીવટી ચાર્જ વસુલાતદાર એટલે વિજાપુર નગર પાલિકાના ચીફ ઓફીસર, ભૂગર્ભ ગટરશાખા કલાર્ક તથા ચીફ ઓફીસર દ્ધારા નકકી કરેલ કોઇપણ કર્મચારી, સંસ્થા / એજન્સી તથા વ્યકિતઓ કલીનગાર્ડ/વોલન્ટીયર્સ.

૮. મકાન માલિકનો અર્થ ગુજરાત નગર પાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧(ઢ) મુજબનો રહેશે.

૯. કબજેદાર એટલે એજન્ટ, ભાડુઆત, મેનેજર અથવા ગણોતીયા તરીકે મકાન અથવા જમીનનો ખરેખરો કબજો ધરાવતી વ્યકિત.

૧૦. આ નિયમમાં જેની વ્યાખ્યા ન કરી હોય પરંતુ અધિનિયમમાં વ્યાખ્યા કરી હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગનો અર્થ અધિનિયમમાં કરવામાં આવેલ છે, તે મુજબનો થશે.

૧૧. નિયંત્રણ સમિતિ એટલે ભૂગર્ભ ગટર યોજના સમિતિ અગરતો આ સમિતિ ન હોય તો કારોબારી સમિતિ એમ સમજવું.

૧૨. ઘરવપરાશ/રહેણાંક/વાણિજય હેતુ માટે એટલે ઘરમાં રહેનારાઓ નાહવા તથા કપડા ધોવાના તેમજ ગંદા પાણીના નિકાલનો ઉપયોગ અને વપરાશ સમજવાનો થશે.

**નિયમોઃ –**

૧. નિયમોમાં અન્ય રીતે સુચવ્યુ હોય તે સિવાય આ વેરો વિજાપુર નગર પાલિકા હદ વિસ્તારમાં આવેલ રહેણાંક, વાણિજય તથા ઔધોગિક અને અન્ય તમામ પ્રકારની મિલ્કતોને ગટર જોડાણ આપવામાં આવશે. તેમને લાગુ પડશે અને હવે પછી વખતોવખત જે કોઇ વિસ્તાર વધારવામાં આવે અને જોડાણ આપવામાં આવે તેને પણ લાગુ પડશે. ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો)ની આવક ખર્ચની દર બે વર્ષે સમીક્ષા કરી નગરપાલિકા દ્વારા દર વધારો કરવામાં આવશે.

૨. એપાર્ટમેન્ટમાં ગટર જોડાણ આપવામાં આવે તેમાં દરેક બ્લોકનો ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) મકાનની સંખ્યાના આધારે કુલ રહેણાંક યુનિટની ગણતરી કરી વસુલ કરવામાં આવશે. ગટર જોડાણ સોસાયટીના પ્રમુખ/મંત્રીના નામે મંજુર કરવામાં આવશે.

૩. ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) મિલ્કતવેરા તથા અન્ય વેરા સાથે સાંકળી સંયુકત બીલથી કે અલગ રીતે બીલ બનાવી વસુલ કરી શકાશે.

૪. વેરો સમગ્ર વર્ષ માટે એક સામટો (નગર પાલિકા વખતો વખત નકકી કરે તે પ્રમાણે) ભરવાનો રહેશે.

૫. વેરો નગર પાલિકા કચેરીમાં અથવા નગરપાલિકા વખતોવખત જાહેર/નકકી કરે તે સ્થળે અથવા ઉભા કરે તેવા ટેક્ષ કલેકશન સેન્ટર /વોર્ડ ઓફિસ / જનસુવિધાકેન્દ્ર ખાતે તથા નગરપાલિકા નકકી કરે તે પધ્ધતિથી ભરવાનો રહેશે.

૬. વેરો નગરપાલિકા અધિનિયમમાં દર્શાવેલ સમયમર્યાદામાં ભરપાઇ કરવાનો રહેશે.

૭. પ્રાથમિક રીતે જે મિલ્કતમાં ગટર જોડાણ આપવામાં આવે તે મિલ્કતના માલિક વેરો ભરવા માટે જવાબદાર ગણાશે. રહેણાંક તથા બિન રહેણાંક સાથે હોય ત્યારે બિન રહેણાંક મુજબ ચાર્જ/વેરા લેવામાં આવશે. પરંતુ ચુકવણીમાં માલિક દ્વારા કસુર થયેથી આવી મિલ્કતોના ખરેખર વપરાશ કર્તા,ભાડુઆત,મેનેજર,વહીવટકર્તા પાસેથી પણ વસુલ કરી શકાશે.

૮. વેરાની વસુલાત માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની જોગવાઇઓ આપોઆપ લાગુ પડશે અને નિયત સમયમાં વેરો ન ભરનાર સામે નગરપાલિકા અધિનિયમ અન્વયેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૯. ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) નું અલગ માંગણા રજીસ્ટર અમલમાં આવશે નહી.

૧૦. નોટીસ ફી– નગર પાલિકા દ્વારા માંગણાબીલની બજવણી થયા બાદ નિયત સમયમાં વેરો ભરવામાં ન આવે તો અધિનિયમની જોગવાઇ મુજબ નોટીસની બજવણી કરવામાં આવશે તો રૂા.૧૦૦/– નોટીસ ફી વહીવટી ચાર્જ તરીકે લાગુ પડશે. તેમજ આ ચાર્જમાં નગરપાલિકા વખતો વખત વધારો કરી શકશે.

૧૧. વોરંટ ફી– નગર પાલિકા દ્વારા અધિનિયમની જોગવાઇઓ અનુસાર વોરંટની બજવણી કરવામાં આવશે તો રૂા. ૨૦૦/– વોરંટ ફી વહીવટી ચાર્જ તરીકે લાગુ પડશે તેમજ વોરંટ ફીમાં નગરપાલિકા વખતો વખત વધારો કરી શકશે.

૧૨. નગરપાલિકાની માલીકીની મિલ્કતોમાં ગટર જોડાણ કરવામાં આવેલ હોય તો વેરામુકત રહેશે અને કોઇ મિલ્કતો નગરપાલિકાએ ભાડેથી / પાઘડીથી / સુખડીની કિંમતથી આપેલ હોય તે મિલ્કતમાં ગટરનું જોડાણ આપવામાં આવશે તો ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) લાગુ પડશે અને તે વેરો પાલિકાના ભાડા પત્રકે નોંધાયેલ વ્યકિતએ/ભાડુઆતે ભરવાનો રહેશે.

૧૩. બીલ/નોટીસની બજવણી – નગર પાલિકા અધિનિયમની જોગવાઇ મુજબ બજવણી કરવામાં આવશે. સંબંધિત વ્યકિત બીલ/ નોટીસ સ્વીકારવાની મનાઇ કરશે તો બીલ બજાવનાર સંબંધિત મિલકત ઉપર તેને ચોંટાડી લગાવી શકશે.

૧૪. જે મિલ્કતમાં ગટરનું જોડાણ હોય તેવી મિલ્કત બીજી વ્યકિતને વેચાણ આપવામાં આવી હોય અથવા ભેટ કે મોર્ગેજથી આપવામાં આવી હોય અથવા બીજી કોઇ રીતે એ મિલ્કત કોઇ વ્યકિતના અધિકાર/કબ્જામાં હોય (દા.ત. ભાડેથી આપેલી હોય) તો તે વ્યકિત આ દર ભરવા માટે જવાબદાર રહેશે.

૧૫. ગટર જોડાણ માટે અરજીઃ

(અ) ગટર કનેકશન માટે જે તે મકાન કે જગ્યાના માલિકે અને સરકારી કે સંસ્થાના મકાન માટે તેવા અધિકારવાળા ઇસમે મુખ્ય અધિકારીએ ઠરાવેલ નમુનામાં લેખિત માંગણી કરવાની રહેશે.

(બ) કનેકશન આપતા કોઇના હકકને કોઇપણ પ્રકારનો બાધ આવતો હોય તો તે માટેની તમામ જવાબદારી કનેકશન ધારણ કરનારની રહેશે.

(ક) કનેકશનના જોડાણ માટેની ભાડુઆતની માંગણી અંગે જો મકાન માલિકની સંમતિ રજુ કરેલ હોય કે ના હોય તેવા સમયે ચીફ ઓફીસરશ્રી વિચારણમાં લઇ કનેકશન આપી શકશે.

૧૬. ગટર કનેકશન મંજુર/નામંજુર કરવા બાબતઃ જોડાણ માટેની માંગણી મંજુર કે નામંજુર કરવાનો અધિકાર ચીફ ઓફીસરશ્રીનો રહેશે.

૧૭. જે મિલ્કતમાં ભૂગર્ભ ગટરનું જોડાણ મેળવેલ હોય અને તે મિલ્કતો સંજોગોવશાત કાયમી ધોરણે બંધ રાખવાની થાય તેવા પ્રસંગોમાં મિલ્કત માલિક/કબ્જેદાર/ભોગવટો કરનાર ચીફ ઓફીસરશ્રી, નગર પાલિકા કચેરીને લેખિત જાણ કરશે તો નગરપાલિકાના સક્ષમ અધિકારી દ્વારા તેની સ્થળ તપાસ કર્યા

બાદ જોડાણ બંધ કરવા હુકમ થયેથી નાણાંકિય વર્ષ અંતિત જોડાણ બંધ કરવામાં આવશે.

૧૮. આકસ્મિક/ ટેકનીકલ કારણોસર ગટરમાં જતાં ગંદા પાણીનો પ્રવાહ બંધ રહેશે તો તે અંગે કોઈપણ જાતનું વળતર માંગી શકાશે નહી કે દાવો કરી શકાશે નહી.

૧૯. ગટરનું જોડાણ દુર (બંધ) કરવા બાબત – નગર પાલિકાના મુખ્ય અધિકારી નીચે જણાવેલ કારણોસર કોઈપણ સમયે જોડાણ બંધ કરાવી શકશે.

(૧) નગર પાલિકાની લ્હેણી થયેલ રકમ ભરપાઈ કરવામાં કસુર થાય ત્યારે અથવા જોડાણ કાપવામાં આવેલ હોય અને ચાર્જ ભરપાઈ ન કરે ત્યારે.

(૨) મુખ્ય અધિકારીને જાહેર હિતમાં જરૂરી જણાય ત્યારે હંગામી કે કાયમી ધોરણે.

(૩) જોડાણનો દુરઉપયોગ થતો જણાય તો જયાં સુધી મુખ્ય અધિકારીને ખાતરી થાય તેવી રીતે જોડાણનો દુર ઉપયોગ થતો અટકાવવામાં ન આવે ત્યાં સુધી.

(૪) જોડાણ બંધ કરવાના મુખ્ય અધિકારીના હુકમ સામેની અપીલ હુકમ તારીખથી પંદર દિવસની અંદર કારોબારી સમિતિને કરી શકાશે.

(૫) લ્હેણી થયેલી રકમ અપીલ કરનારે નગરપાલિકામાં અનામત મુકેલ ન હોય તો અપીલ દાખલ કરી શકાશે નહી.

૨૦. ભુગર્ભ ગટરનું જોડાણ બંધ કરવાના સંબંધમાં–

(૧) જોડાણ બંધ કરવાના સંબંધમાં કોઈપણ પ્રકારનું રીફંડ અથવા દર માફ કરવા અથવા નુકશાની માંગવા બાબતનો કોઈપણ પ્રકારનો દાવો કરી શકાશે નહી.

(૨) જે મિલ્કતમાં ભુગર્ભ ગટરનું જોડાણ બંધ કરવાનું હોય તેનું બાકી લ્હેણું તેમજ નાણાકીય વર્ષનું પુરેપુરૂ લ્હેણું ભરપાઈ કરવાનું રહેશે અને નાણાંકીય વર્ષ પુર્ણ થયેથી જોડાણ બંધ કરવામાં આવશે.

૨૧. ફરી જોડાણ બાબત– કોઈપણ કારણોસર જોડાણ બંધ કરવામાં આવે ત્યારે મુળ જોડાણ ધોરણે લેખિત અરજી કરી હોય તે સિવાય નવેસરથી જોડાણ આપવામાં આવશે નહી તેમજ લ્હેણી રકમો, જોડાણ બંધ કરવામાં થયેલ ખર્ચ, ફરી જોડાણ માટેનો ખર્ચ એમ કુલ રૂા.૧૦૦૦/– વહીવટી ચાર્જની રકમ ભરવામાં ન આવે ત્યાં સુધી તે જોડાણ નવેસરથી ચાલુ કરવામા આવશે નહી. તેમજ વખતોવખત વહીવટી ખર્ચની રકમમાં ચીફ ઓફીસર વધારો કરી શકશે.

૨૨. નગરપાલિકા દ્વારા ટેક્ષ વળતર તથા દંડકીય વ્યાજ અને નોટીસ તથા વોરંટ ફી અંગે વખતોવખત જે નિયમો અમલમાં હશે તે આ વેરા માટે લાગુ પડશે.

૨૩. જે મિલ્કતોમાં ભુગર્ભ ગટરનું જોડાણ મેળવેલ હોય તે મિલ્કતના માલિકો/કબજેદારો/ભોગવટો કરનાર વિગેરે ઈસમો ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) ના નિયમો/શરતોનું પાલન નહી કરે તો તે મિલ્કતમાં આપેલ જોડાણ તેમજ નળ કનેકશન પણ બંધ કરવામાં આવશે.

| કનેકશન ચાર્જનું પરિશિષ્ટ | | |
|---|---|---|
| ક્રમ | મિલ્કતોનો પ્રકાર | કનેકશન ચાર્જ |
| ૧ | રહેણાંક | ૫૦૦/- |
| ૨ | વાણિજય (નાની દુકાનો) | ૧૫૦૦/- |
| ૩ | ગેસ્ટહાઉસ, લોજ, હોટલ, રેસ્ટોરન્ટ, સર્વીશ સ્ટેશન, હોસ્પીટલ, પ્રસુતિગૃહ તથા દવાખાના જ્ઞાતિ, સમાજવાડી, અતિથિભવન, ધર્મશાળા વિગેરે. | ૫૦૦૦/- |

૨૪. આ નિયમો અથવા શરતોના અર્થઘટન બાબતે વિવાદ ઉભો થવાના પ્રસંગે યોગ્ય નિર્ણય કરવા નો અધિકાર નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીને રહેશે.

૨૫. ચીફ ઓફીસરશ્રીના નિર્ણયથી નારાજ થવાના પ્રસંગે નગરપાલિકાની લેણી રકમ/ચાર્જની રકમ જમા કરાવી નગરપાલિકાની સામાન્ય સભાને દિન-૧૫ માં ફરીયાદ કરી શકાશે અને સામાન્ય સભામાં થયેલ નિર્ણય આખરી બંધનકર્તા રહેશે.

૨૬. ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) ના વાર્ષિક દર નીચે મુજબ રહેશે.

| ડ્રેનેજ ટેક્ષ (ભૂગર્ભ ગટર વેરો) વાર્ષિક દરવારીનું પરિશિષ્ટ | | |
|---|---|---|
| ક્રમ | મિલ્કતની વિગત | દરવારી |
| ૧ | રહેણાંક | ૪૦૦.૦૦ |
| ૨ | વાણિજય (નાની દુકાનો) | ૧૬૦૦.૦૦ |
| ૩ | બિનરહેણાંક, દુકાનો, ગેસ્ટહાઉસ, લોજ, હોટલ, રેસ્ટોરન્ટ, સર્વીશ સ્ટેશન, હોસ્પીટલ, પ્રસુતિગૃહ તથા દવાખાના જ્ઞાતિ, સમાજવાડી, અતિથિભવન, ધર્મશાળા વિગેરે. | ૬૨૦૦.૦૦ |

૨૭. ઉપરોકત નિયત કરેલ દરવારીમાં દર બે વર્ષે આપોઆપ ૧૦ ટકાનો વધારો થશે.

ચીફ ઓફિસર
વિજાપુર નગરપાલિકા

પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

સ્થળ:- ગાંધીનગર
તારીખ:- ૨૨/૦૬/૨૦૧૯

પ્રાદેશિક કમિશ્નર
(નગરપાલિકાઓ)
ગાંધીનગર ઝોન